## ટ્રેક નં. ૬૪ : વૈરાગ્ય સંબોધન વિષે

* કોઈના પણ વૈરાગ્ય પ્રસંગે પૂજ્ય બહેનશ્રી ખૂબ કરુણા અને અનુકંપાથી શું કહેતા? ખબર છે ! સાંભળો.

* માંગલિક

* ભક્તિ : જગમાં જનમ કલંક સમ લાગે મને,
મારે જગમાં જનમ ફરી લેવો નથી.
સિદ્ધની જાતિ ને શુદ્ધ સ્વભાવ અહા,
મોંઘો અવતાર એળે જવા દેવો નથી....જગમાં.

* **પ્રશ્ન : આટલા વર્ષોથી સાંભળતા હતા પણ...?**

● ઉત્તર : તમે ઘણું સાંભળ્યું છે. તમે અહીંયા હતા ત્યારે જ એમને ઘણો ગુરુદેવનો પરિચય. તમને ઘણો ગુરુદેવનો પરિચય હતો. શાંતિ રાખવી. સંસાર તો આવો છે. ગુરુદેવને સાંભળ્યું છે જન્મમરણ જન્મમરણ સંસારમાં. આ ભવમાં ભવનો અભાવ થાય એવો ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. ભવના અભાવ કરવાનો. શુદ્ધાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો. એ જ કરવું. તમે તો ઘણું સાંભળ્યું છે. પ્રયત્ન કરે. બહારમાં તો જન્મમરણ જન્મમરણ હાલ્યા જ કરે છે. કેટલાયને મૂકીને પોતે આવ્યો છે. ને પોતાને મૂકીને બીજો. એવું ચાલ્યા જ કરે છે. સંસાર તો એવો જ છે. એવા અનંતા જન્મમરણ આ જીવે કર્યા છે. બધા આયુષ્ય તો પૂરા જ થઈ જાય છે. દેવલોકના દેવોના સાગરોપમના આયુષ્ય પૂરા થઈ જાય છે. ચક્રવર્તીઓના આયુષ્ય પૂરા થઈ જાય છે. આયુષ્ય તો પૂરા થઈ જાય છે પણ જે ભવની અંદર આત્માનું થાય એ ભવ સફળ. એક શુદ્ધાત્માને ઓળખવો. જ્ઞાયક આત્મા પોતે જ્ઞાયક એક શાશ્વત છે. અનંતા જન્મમરણ, દેહ છૂટી જાય છે, પણ આત્મા તો પોતે શાશ્વતો જ રહ્યો છે. સંકલ્પ વિકલ્પ ઈ પણ પોતાના સ્વભાવ નથી તો શરીર ક્યાં પોતાનું છે? ઈ તો પોતાની ઇચ્છા પ્રમાણે શરીર કાંઈ કરતું નથી.

એ તો સ્વતંત્ર દ્રવ્ય છે. સ્વતંત્ર એનું પરિણમન (છે.) દ્રવ્ય, ગુણ પર્યાય એના બધા સ્વતંત્ર પરિણમે છે. શાતા વેદનીયનો ઉદય હોય ત્યાં સુધી સરખું દેખાય. અસાતાનો ઉદય આવે ત્યારે એમાં ફેરફાર દેખાય. એ બેયનો જાણનાર જ્ઞાયક. પોતે જ્ઞાયકને ઓળખે. સંસાર એવો છે. એટલે જ ચક્રવર્તીએ બધું છોડીને આત્માનું ધ્યાન ને મુનિદશા અંગીકાર કરીને આત્માનું ધ્યાન આત્માનું કલ્યાણ કરવા ગયા છે. અત્યારે તો એક આત્માનું ઓળખાણ ગુરુદેવે–ગુરુદેવે બતાવ્યું છે. આત્માને ઓળખો. એક સ્વાનુભૂતિ પ્રગટ કર, સમ્યક્દર્શન પ્રગટ કર અને એની ભાવના કર. અંતરથી ઉંડેથી રુચિ કર તો કાંઈક જીવનમાં કાંઈક અપૂર્વ વાત પ્રગટ કર તો જીવન લેખે છે. નહીં તો મનુષ્ય ભવ ઘણાં મળ્યા પણ આ ભવમાં ગુરુદેવ મળ્યા અને એમણે માર્ગ બતાવ્યો એ ખરૂં કરવાનું છે. એ એક ભાગ્યની વાત છે. ગુરુદેવ મળ્યા એ. એ ઓળખાણ કરવા જેવી છે. આત્માની કાંઈક રુચિ લઈને જાય તો જીવન સફળ થાય. બધાએ એ કરવા જેવું છે. મનુષ્ય ભવમાં આ જ કરવા જેવું છે. દેવગુરુશાસ્ત્ર હૃદયમાં રાખવા અને આત્માને ઓળખવો એ જ કરવા જેવું છે. ગુરુદેવે એ જ માર્ગ બતાવ્યો છે. જ્ઞાયક આત્મા શાશ્વતો છે. બાકી આ જન્મમરણ તો અનંતા કર્યા. આત્મા શાશ્વતા આત્માને ઓળખવો એમાં આનંદ, સુખ એમાં જ્ઞાનથી ભરેલો આત્મા (છે) એને ઓળખવો. બાકી જન્મમરણ. આવું કેટલાને છોડીને પોતે જાય. પોતાને છોડીને બીજા જાય. એવું બન્યા જ કરે છે. માટે જીવનમાં શાંતિ રાખવા જેવી છે. આયુષ્ય પૂરા થાય છે. ચક્રવર્તીના આયુષ્ય પૂરા થાય છે. દેવલોકના દેવોના કેટલા અસંખ્યાતા વર્ષના આયુષ્ય– સાગરોપમના પલ્યોપમના આયુષ્ય પૂરા થાય છે. તો પછી મનુષ્ય જીવનના આયુષ્ય તો શું હિસાબ ? હિસાબ એટલે શાંતિ રાખવી. અનંતા જન્મ-મરણ કર્યા. શાસ્ત્રમાં આવે છે કે તે અનંતી માતાના દૂધ પીધાં, અનંતી માતાને રોવરાવી તે એટલા જન્મમરણ. એના સમુદ્ર

ભરાય એટલી માતાને રોવરાવી છે. અનંતા સમુદ્ર ભરાય એટલા માતાના દૂધ પીધા છે. માટે તું આત્માનું કલ્યાણ કર એ કરવા જેવું છે. આકાશના એકએક પ્રદેશે કેટલી વાર જન્મ મરણ કર્યા છે? કેટલી વાર જન્મમરણ કર્યા છે? અનંતા. કેટલા દ્રવ્ય? કેટલા ક્ષેત્ર? એટલા. (આ) જગતમાં જેટલા દ્રવ્યો છે એ દ્રવ્યોને ગ્રહ્યા અને છોડ્યા. એટલા આકાશના પ્રદેશે અનંતીવાર જન્મમરણ કર્યા. એટલા કાળના જે પર્યાયો એટલી વાર જન્મમરણ કર્યા. કેટલા વિભાવ ભાવો કર્યા તે અનંતા. હવે આ જન્મમાં આ વિષમ કાળમાં ગુરુદેવ મળ્યા એ મહા ભાગ્યની વાત છે. કે જેણે જન્મમરણ ટાળવાનો ઉપાય બતાવ્યો છે. જન્મમરણ શી રીતે ટળે? એનો ઉપાય (બતાવ્યો છે) કે આત્માને ઓળખો. ભેદજ્ઞાન કરો, આ શરીર જુદું છે, એ પોતાનું નથી. વિભાવ પર્યાય પણ પોતાનો સ્વભાવ નથી તો આ શરીર ક્યાં પોતાનું છે ? માટે એનાથી ન્યારો થઈને આત્મામાં જા. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. અંદર આત્માને ઓળખવો. શાશ્વત આત્માને ઓળખવો. એવી રુચિ લઈને જાય તો અનંતા જન્મ-મરણ આવા ન થાય. માર્ગ બતાવ્યો છે. એ માર્ગે હાલવાથી શાંતિ થાય છે. એ જ સમાધાન. ગુરુદેવના ઉપદેશને યાદ કરવાથી શાંતિ થાય છે. જો આયુષ્ય હોય તો બધું સારું થઈ જાય, આયુષ્ય પૂરું થાય પછી કાંઈ ન થાય. ચક્વર્તીના આયુષ્ય પૂરું થાય કોઈ એને રોકી શકતું નથી. સાગરોપમના આયુષ્ય પૂરા થઈ જાય. ઉપરવાળા દેવોને ખ્યાલ આવે છે કે હવે મરણ થશે. એમાંય ઘણા શાંતિ વાળા દેવ શાંતિ રાખે. બીજા આકુળતા. એવો છે આખો સંસાર. ૧.

❀ બહેનશ્રી : આયુષ્ય ક્યારે પૂરું થઈ જાય એની કાંઈ ખબર નથી તો આત્માનું કરી લેવા જેવું છે. કેટલાયે જન્મ મરણ કર્યા અનંતકાળમાં. કેટલાયને પોતે છોડ્યા, પોતે છોડી છોડીને આવ્યો. કેટલાય પોતાને છોડીને ચાલ્યા ગયા. પોતે છોડીને આવ્યો, આવા અનંતા જન્મમરણ કરતાં કરતાં આવા ગુરુદેવ મળ્યાં ને આ માર્ગ

મળ્યો, બસ! એ કરવા જેવું છે. એમણે જે ઘણા વર્ષો અહીં રહ્યા ને આ રુચિ રાખીને, એ કેટલા વર્ષોથી અહીં જ રહેતા. ૧૮ વર્ષથી એ, કરવા જેવું છે બધાએ.

જન્મ મરણ કરતાં કરતાં મનુષ્યભવની અંદર આ ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. એ કરીને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને આ કરવા જેવું છે. અંદર આત્મા નિર્વિકલ્પ તત્વ કેમ ઓળખાય એ કરવા જેવું છે. જન્મ મરણ તથા ભવનો અભાવ કેમ થાય? એ કરવા જેવું છે. અનંતા ભવો કર્યા આવા. મનુષ્યના અનંતા, દેવોના અનંતા, નારકના, તિર્યંચના, અનંતા અનંતા ભવો કર્યા. એ ભવનો અભાવ કેમ થાય? એ કરવા જેવું છે. ગુરુદેવે ભવનો અભાવ કેમ થાય? એ માર્ગ બતાવ્યો છે કે આત્માને ઓળખ જ્ઞાયક આત્માને. એમાં સુખ અને એમાં આનંદ છે. એ શાશ્વતો આત્મા. બાકી બધા તો શરીર ને આદિ તો જે જન્મ ધારણ કરે છે ને અવશ્ય આયુષ્ય પૂરું થાય છે. મરણ થાય છે. માટે આ શાશ્વતો આત્મા તે એ એક શાશ્વત હૈ. 'દેહ વિનાશી ને હું અવિનાશી' દેહ વિનાશી છે ને હું અવિનાશી. આત્મા અંદર શાશ્વત. પછી 'અપની ગતિ પકડેંગે.' પોતાની ગતિ પોતે પકડી લેવી. ચૈતનની ગતિ. એ કરવા જેવું છે. કેટલા જન્મ મરણ કર્યા? કેટલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, કેટલા પરાવર્તન કર્યા? કેટલા અનંતા પુદ્ગલોને ગ્રહ્યા ને છોડ્યા? કોઈ જગતમાં એવું કોઈ પુદ્ગલ બાકી નથી જે ગ્રહણ કરીને છોડ્યું નહીં હોય. આકાશના દરેક પ્રદેશે જન્મ્યો અને મર્યો છે. કાળના દરેક અણુમાં એમાં કેટલા કાળ પરાવર્તન કર્યો? ભાવના અનંત પરાવર્તન કર્યા. એવા અનંતા અનંતા કર્યા. પણ ભવનો અભાવ કેમ થાય? એ કરવા જેવું છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. એક છે. અંદર જ્ઞાયક આત્માને ઓળખવો એ શાશ્વત છે. જન્મમરણ, જન્મમરણ તો થયા જ કરે છે. એવા અનંતા જન્મ મરણ કર્યા. ઓચિંતાનું ક્યારે શું થાય? એ ખબર નથી. પોતાને ખ્યાલ નથી આવતો. પણ તોય ખ્યાલ આવે તોય શું? અંદર અંદર

શાશ્વતો આત્મા છે એ જ ગ્રહણ કરવા જેવો છે. એને જ ઓળખવા જેવો છે. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એમાં અનંત ભંડાર ભર્યો છે. એ કરવા જેવું છે. અનંતી શક્તિનો ધરનારો, અનંત શુદ્ધ પર્યાયો એમાંથી પ્રગટે છે એ પ્રગટ કરવા જેવી છે. બાકી આવું તો થયા જ કરે છે. શાસ્ત્રમાં આવે છે ને કે અનંતા જન્મ મરણ–તારા મરણથી તારી માતા રોઈ એના અનંતા સમુદ્રો ભરાય એટલા તે જન્મમરણ કર્યા છે. એ જન્મમરણનો કોઈ પાર નથી. એક ગુરુદેવ આ પંચમકાળમાં મળ્યા અને બધાને માર્ગ બતાવ્યો એ ભાગ્યની વાત છે. એ માર્ગે ચાલવા જેવું છે તો ભવનો અભાવ થાય, ભવનો અભાવ કેમ થાય તે કરવા જેવું છે. હવે આવા ભવો જ ન થાય કે જેમાં આવા જન્મ મરણ અંદર વિભાવ પરિણતિ છે ઈ એ દુઃખ, આત્માનો સ્વભાવ નથી. દુઃખમય છે. આકુળતામય છે. અંદર સ્વભાવ પરિણતિ કેમ પ્રગટ થાય? સ્વભાવ ઓળખીને ચૈતન્ય દ્રવ્યને ઓળખીને ચૈતન્યની શુદ્ધ પર્યાય પ્રગટ થાય તો એમાં સુખ ને આનંદ છે. પોતાનો સ્વભાવ સુખરૂપ છે. વિભાવ હંમેશા દુઃખરૂપ જ છે. વિભાવ તરફથી દૃષ્ટિ હટાવીને સ્વભાવ તરફ દૃષ્ટિ કરવી. દ્રવ્ય પર દૃષ્ટિ કરવી. અંતરમાં શુદ્ધ પરિણતિ પ્રગટ થાય. કેમ થાય? તે કરવા જેવું છે. એ જ કરવા જેવું છે. તીર્થંકરો અને મહા ચક્રવર્તીઓ બધા આત્માનું ધ્યાન કરીને જંગલમાં જઈને આત્માની સાધના કરતાં. આગળના માણસો એક પાણીના પરપોટા જેવું, આ ઝાકળના બિંદુને દેખીને વિલીન થાય, દેખીને એને વૈરાગ્ય આવી જાતો. દીક્ષા લઈ લેતા. તીર્થંકરો એવું કાંઈ દેખે તો દીક્ષા લઈને હાલી નીકળે એવો આ સંસાર છે. શાશ્વતા આત્માનું ધ્યાન કરે. મુનિદશા અંગીકાર કરે. સાધના કરીને કેવળજ્ઞાન પ્રગટ કરે. માર્ગ એ જ છે. બધા એ માર્ગને જ આદરે છે. ચૈતન્યના માર્ગે જ જાય છે. તીર્થંકરો, ચક્રવર્તીઓ બધા એ માર્ગ ગ્રહણ કરે. પહેલા સમ્યક્ દર્શનનો અંશ પ્રગટ થાય અને પછી એની પૂર્ણતા પ્રગટ કરે. સંસાર એવો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર

હૃદયમાં અને જ્ઞાયક આત્મા હૃદયમાં રાખવા જેવો છે. 'પ્રભુતા પતંગ આયુષ્ય તે તો જળના તરંગ' એવું શ્રીમદ્ લખે છે. ત્યાં ક્ષણનો પ્રસંગ. અહીંયા ક્યાંય રાખવા જેવું નથી. એક આત્માને જ ગ્રહણ કરવા જેવો છે. એમાં જ તૃપ્તિ અને એમાં જ સુખ અને એમાં જ આનંદ છે. એ કરવા જેવું છે. ૨.

*** પ્રશ્ન : વચનામૃતમાં આવે છે કે ઉજ્જ્વળ આત્માઓ ગમે તેવા તુચ્છ પ્રસંગમાં વૈરાગ્યમાં જ પ્રવેશ કરે છે.**

● ઉત્તર : ગમે તેવો તુચ્છ પ્રસંગ ગમે તે બન્યો હોય પણ જેને આત્માનું પ્રયોજન છે. એ તો વૈરાગ્યમાં જ પ્રવેશ કરે છે. એને એ તુચ્છ વિષય પર એને ગમે તેવો પ્રસંગ બને તો વૈરાગ્ય તરફ જાય છે. ઉજ્જવળ આત્માનું એ કાર્ય છે. એમાં એ રોકાતો નથી. કોઈ રાગ-દ્વેષ, ક્લેશ, કોઈ બહારના સંયોગ, ફેરફારો ગમે ઈ હોય તો અંદર પોતે પોતાના આત્માના પ્રયોજનમાં જ જાય છે. વૈરાગ્યમાં જ ઝંપલાવે છે. કોઈ મોટા પ્રસંગો હોય, કોઈ નાના પ્રસંગો હોય, અનેક જાતના લૌકિકમાં પ્રસંગો બનતા હોય છે. પણ એ પોતે ઉજ્જવળ આત્મા હોય એટલે કે જે આત્માનું જેને પ્રયોજન છે તે વૈરાગ્ય તરફ જ જાય છે કે સંસાર તો આવો જ છે. એમાં તો આવું બન્યા જ કરે. સંસાર કોને કહેવાય? કે તેમાં આવું બન્યા કરે. માટે તે પોતા તરફ જ વળે છે. ગમે તેવો તુચ્છ પ્રસંગ હોય, સાધારણ પ્રસંગ હોય તો (પણ) વૈરાગ્ય તરફ જાય છે. તે ખેદમાં, ક્લેશમાં કે રાગદ્વેષમાં રોકાતો નથી. કોઈ પુણ્યના પ્રસંગો બને કે પાપના (પ્રસંગ) બને તો પણ પુણ્યમાં એ એવો ખેંચાતો નથી કે પાપમાં એવો ખેદાઈ જાતો નથી. એમ પોતા તરફ વળે છે. પુણ્ય દેખીને મારે કેવું બધું સરખું છે? એમ પણ એને અંદર એક જાતનું અભિમાન પણ થાતું નથી. આ તો બધા પુણ્ય-પાપના સગા છે. પોતે વૈરાગ્ય તરફ જ જાય છે. ગમે તેવા પ્રસંગોની અંદર. પ્રસંગો કાંઈ આત્માના હાથની વાત નથી. અંતરમાં કેટલું પોતે સમાધાન રાખવું તે પોતાના હાથની વાત છે.

પોતે વૈરાગ્ય તરફ જાવું, ઉદાસીન થાવું, એ બધું પોતાના હાથની વાત છે. જ્ઞાયક રીતે રહેવું, જે થાય એને જોયા કરવું. તેમાં ખેંચાઈ જાવું તે આત્માર્થીનું પ્રયોજન નથી. આત્માર્થીનું કાર્ય નથી. પોતાની ભૂલથી જ રખડ્યો છે. એમાં કોઈની ભૂલ નથી. પોતાની ભૂલથી જ અનાદિથી રખડ્યો છે. પોતે જ એમાં રોકાઈ ગયો છે, પોતે જ માર્ગને ભૂલ્યો છે અને આ ભવાબ્ધિમાં પોતે જ માર્ગને ભૂલી અને પોતે રખડે છે. માર્ગ સૂઝતો નથી. આત્મા તરફ જાવાનું સૂઝતું નથી. એની રુચિ પણ નથી. બહાર રખડે છે અનાદિકાળથી. ગુરુદેવના પ્રતાપે આટલી રુચિ જાગી, બાકી બધું બહાર જ અનાદિનું હતું. ક્રિયાઓમાં બહારથી, જૈન ધર્મ મળ્યો તો ક્રિયાઓમાં રોકાતો હતો. બહારની ક્રિયાથી જ ધર્મ થઈ જાય છે. એ અંતર કાં તો પોતે પરિણામ ઉપર જાય તો અંદર પરિણામ શુભ ભાવથી ધર્મ થાય છે તેમાં ગમે ત્યાં રોકાઈ રહેતો હતો. પોતાની ભૂલથી રોકાય છે. પોતે વિચાર કરીને પોતા તરફ જાતો નથી. ગુરુદેવ ઉપદેશ આપે ને વિચાર કરીને પોતા તરફ જાય તો માર્ગ સૂઝે. નહીંતર માર્ગ સૂઝવો મુશ્કેલ છે. અનાદિકાળથી પોતે પોતાના સ્વરૂપને ઓળખ્યો નથી. ૩.

....... (પ્રશ્ન અસ્પષ્ટ છે)

❀ બહેનશ્રી : ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. સ્થિતિ તો આવી છે. અંદર આત્માના સંસ્કાર પડ્યા હોય એ કામ આવે છે. વર્ષો થયા. અહીંયા જ રહેતા હતા. આત્માના સંસ્કાર હોય તે સાથે આવે બાકી શરીર તો એવું છે. વેદનાની મૂર્તિ છે. ક્યારે શું થાય? (એ) ખબર નથી. આત્માના સંસ્કાર પાડવા જોઈએ. ગુરુદેવે જે કીધો એ માર્ગ ગ્રહણ કરવો જોઈએ. અનંતા જન્મ-મરણ આવા જીવે કેટલાય કર્યા છે. કોઈને છોડીને પોતે ગયો, પોતાને છોડીને બીજા ગયા એવું કેટલુંય અનંત કાળમાં ઘણું બન્યું છે. અનંતવાર બધું બન્યું છે. ગુરુદેવે એ માર્ગ બતાવ્યો ઈ ગ્રહણ કરવાનો છે. આત્મા શાશ્વતો છે. આત્માને કાંઈ જન્મમરણ હોતા નથી. શરીર છૂટી જાય છે. આત્મા

તો શાશ્વત છે. આત્માને જુદો પાડી લેવો. પહેલેથી જ એને જુદો પાડીને શરીર છૂટે ત્યારે આત્મા વયો જાય છે. પણ પહેલેથી જ એનું ભેદજ્ઞાન કરી લેવા જેવું છે. છૂટો તો પડે છે તો પહેલેથી જ જુદો છે આત્મા. આ વિભાવ જુદો ને શરીર તો જુદું જ છે. વિભાવ સ્વભાવ એ પોતાનો નથી. એનું ભેદજ્ઞાન કરવા જેવું છે. અનંતા જન્મમરણ કર્યા કેટલાય. એક-એક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એવા અનંતા અનંતા કર્યા. એક ક્ષેત્રના આકાશમાં કેટલી વાર જન્મ મરીને છૂટ્યો. કેટલાય દ્રવ્ય આ લોકમાં ગ્રહણ કરીને છોડ્યા. અનંતા પરાવર્તનો કર્યા. એમાં આ મનુષ્ય ભવ મળ્યો. એમાં (આ) પંચમકાળે ગુરુદેવ મળ્યા. એ મહાભાગ્યની વાત છે એમાંથી આત્માનું કરી લેવા જેવું છે. એ રુચિ કરવા જેવી છે. વારંવાર એનો જ અભ્યાસ કરવા જેવો છે. બીજી બહારની લગની છોડવી. લગની અંતરની લાગે તો થાય. વારંવાર તેને ફેરવ્યા કરવું. વારંવાર ફેરવ્યા કરવું વારંવાર એનો અભ્યાસ કરવો. અનાદિનો અભ્યાસ છે ને ત્યાં દોડ્યો જાય છે. પોતા તરફનો અભ્યાસ કરવો. ૪.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.